જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૧/૦૮/૨૦૧૭ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૬૭૮/૧૭

એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ :

ઘરફોડ ચોરીનાં રીઢા ગુનેગાર ચીખલીગર ગેંગનાનાસતા ફરતા ઇસમનેપકડી પાડતી
અમદાવાદ શહેર, એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ

સંયુક્ત પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથામદદનીશ પોલીસ કમીશનર શ્રી એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓએ અનડીટેકટ ઘરફોડ ચોરીના ગુનાઓ શોધી કાઢવા તેમજ નાસતા ફરતા આરોપી પકડવા તેમજ એસ.ઓ.જી.ના હેડને લગતી કામગીરી કરવા સારું આપેલ સુચના મુજબ અમદાવાદ શહેર વિસ્તારમાં એસ.ઓ.જી.ના પો.સ.ઇ.શ્રી જે.કે.રાઠોડ તથા પોસઇ શ્રીએન.એન.રબારી નાઓ પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન હે.કો. રાજેન્દ્રકુમાર હિરાલાલ તથા પો.કો.ચેતનકુમાર રામુભાઇ નાઓએ આપેલ બાતમી હકીકત આધારે હીરાસિંગ લક્ષ્મણસિંગ પટવા (ચીખલીગર) ઉ.વ.૩૦ ધંધો: મજુરી રહે, ભાઇપુરા પંજાબી તાળાવાળાની ચાલી, ધીરજ હાઉસીંગ પાસે, ખોખરા, અમદાવાદ શહેરને સરખેજ સર્કલ અમદાવાદ તરફ આવતા રીક્ષા સ્ટેન્ડ આગળથી ઝડપી લેવામાં આવેલ છે. સદરી ઇસમની પુછપરછ કરતાં જણાવેલ કે આજથી એકાદ મહીના અગાઉ પોતે તથા પ્યારાસિંગ તથા નેપાલસિહ ગૌતમસિહ ચૌહાણ નાઓ તેની સ્વીફ્ટ ડીઝાયર ગાડી લઇ મોડી રાત્રીના નરોડા ગયેલ અને બાપા સીતારામ ચોકથી આગળ મુનલાઇટ કોમ્પલેક્ષ પાસે એક સોસાયટીમાં ગયેલ અને ત્યાં સોસાયટીમાં એક ચક્કર લગાવેલ જેમાં એક મકાનનું બહારથી લોક મારેલ અને તેની આજુબાજુ કોઇ માણસો સુતા ન હોય જેથી તે મકાનની આગળ ગાડી ઉભી રાખેલ અને પ્યારાસિંગ અને હીરાસિંગ બંન્ને તેઓની પાસેના ડીસમીસ, વાંદરીપાનું તથા કોસથી મકાનનો નકુચો તોડી નાંખેલ અને મકાનમાં પ્રવેશી કરી મકાનમાં મુકેલ કબાટનું લોક તોડી અંદર તપાસ કરતાં તેમાંથીરોકડા રૂપિયા ૧૪,૦૦૦/- મળી આવતાં ચોરી કરી નાસી ગયેલાની હકીકત જણાવેલ. જે બાબતે કૃષ્ણનગર પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૧૮૮/૨૦૧૭ ઇપીકો કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦ મુજબનો ગુનો નોંધાયેલ હોય સદરી ઇસમને આજરોજ તા.૨૧/૦૮/૨૦૧૭ ના કલાક ૧૬/૧૫ વાગે સીઆરપીસી કલમ ૪૧(૧)આઇ મુજબ પકડી અટક કરી આગળની વધું કાર્યવાહી સારું કૃષ્ણનગર પોલીસ સ્ટેશન તરફ મોકલી આપવા તજવીજ હાથ ધરેલ છે.

આ આરોપી અગાઉ રામોલ પોલીસ સ્ટેશન, ગોમતીપુર પોલીસ સ્ટેશન, બાપુનગર પોલીસ સ્ટેશન, શાહીબાગ પોલીસ સ્ટેશન, ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ઘરફોડ ચોરીના અલગ અલગ ગુનાઓમાં પકડાયેલ છે. તા.૨૧/૦૮/૨૦૧૭

**<u>પાલડી પોલીસ સ્ટેશન :</u>**

પાલડી પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.83/2017 ધી ઇ.પી.કો.કલમ- 392, 394, 397 મુજબના કામના ફરીયાદી શ્રી પ્રેરીત રાજેન્દ્રભાઇ ભટ્ટ ઉ.વ-૨૩ ધંધો- નોકરી રહે- મ.નં.-૫ વિસત એપાર્ટમેન્ટ અમલતાસ બંગલોની પાછળ બોડકદેવ અમદાવાદ શહેર નાઓ મણીનગર રેલ્વે સ્ટેશનથી એલીસબ્રીજ જવા માટે એક સી.એન.જી ઓટો રીક્ષા નં GJ-1-CV-9140 મા બેસી જતા હતા તે દરમ્યાન ઉપરોક્ત આરોપીએ પોતાની ઓટો રીક્ષા અંધારામા ઉભી રાખી ફરી શ્રીને ધારદાર દાતરડુ બતાવી ઝપાઝપી કરી સામાન્ય ઇજાઓ કરી ફરીશ્રીનો મોબાઇલ 1+1 કંપનીનો તથા ચાંદીની 20 ગ્રામની એક મુખી રુદ્રાક્ષવાળી ચેઇન કિ.રૂ 6000/-ની લૂટ કરી ભાગી જઇ ગુનો કરતા ઉપરોક્ત નંબરથી ગુનો રજી. થયેલ જે ગુનાની તપાસ દરમ્યાન અ.પો.કો. ઇમ્તીયાજઅલી ઉમરાવઅલી બ.નં.3587 નાઓને હકીકત મળેલ કે ઉપરોક્ત ગુનાનો આરોપી પોતાની રીક્ષા લઇ એન.આઇ.ડી. થી પસાર થવાનો છે જે મતલબની હકીકતના આધારે એન.આઇ.ડી. પાસે વાહન ચેકીંગ કરતા ઉપરોક્ત હકીકત વાળી સી.એન.જી. ઓટો રીક્ષા આવતા જે રીક્ષા જોતા આગળ પાછળ નંબર પ્લેટ ઉપર જોતા GJ-01-CV-9140 નો હતો અને ડ્રાઇવર સીટ ઉપર એક ઇસમ મુલ્લા દાઢી વાળો તથા ડાબા કાને વાળીઓ પહેરેલ હોઇ જેનુ નામ ઠામ પુછતા વસીમ સ/ઓ મહંમદજાવીદ અંસારી ઉ.વ 28 ધંધો- રીક્ષા ડ્રાયવર રહે- અલકર્મ મસ્જીદની બાજુમા પીંકી ટેક્ષટાઇલ્સની સામે રામરહીમનો ટેકરો જુના ઢોર બજાર દાણીલીમડા અમદાવાદ શહેર નો હોવાનુ જણાવેલ જે રીક્ષામા ચેક કરતા ડ્રાયવર સીટની નીચેથી દાતરડુ તથા રીક્ષાની સ્ટેરીંગ પાસે ડાબી બાજુ આવેલ ડેકી ખોલી ચેક કરતા તેમા મોબાઇલ ફોન નંગ-5 તથા નંગ-3 પાકીટ મળી આવેલ અને તેના જીન્સ શર્ટના ડાબી તરફના ખીસ્સામાથી ચાંદીની ચેઇન તથા જમણી તરફના ખીસ્સામાથી મોબાઇલ ફોન મળી આવેલ જે બંન્ને ઉપરોક્ત ગુનાના કામે લૂટમા ગયેલ મુદ્દામાલ ના હોઇ જે કબ્જે લીધેલ અને આરોપીને બીજા મોબાઇલ સબંધે પુછતા તે તમામ મોબાઇલ તેણે રાતના સમયે પોતાની રીક્ષામા પેસેંજર બેસાડી અંધારામા ગલી ગુચી વાળી જગ્યાએ રીક્ષા લઇ જઇ પેસેંજર પાસેથી લૂટેલ હોવાનુ જણાવી એ તમામ જગ્યાઓ તેને યાદ ન હોવાનુ જણાવેલ

આજથી આશરે પચ્ચીસેક દિવસ પહેલા આરોપીએ ઉપરોક્ત રીક્ષામા પાલડી ચાર રસ્તાથી સાબરમતી જવા માટે એક પેસેંજરને બેસાડેલ અને ઉસ્માનપુરા ચારરસ્તા થી જમણી બાજુ ગલીમા રીક્ષા લઇજઇ પેસેંજર પાસેથી દાતરડુ બતાવી તેની પાસેથી પાકીટ તથા મોબાઇલ ફોન લૂટી લીધેલ

તથા આજથી આશરે પોણા ત્રણેક મહીના પહેલા પોતાની રીક્ષામા ગીતા મંદીરથી સાબરમતી જવા માટે એક પેસેંજર બેસાડેલ અને તે પેસેંજર લઇ જમાલપુર બ્રીજ થઇ પાલડી ચાર રસ્તા આવેલો અને ત્યાથી આગળ જલારામ ચાર રસ્તાથી વળી અંધારામા કોઇક ફ્લેટ આગળ ઉભી રાખેલ અને ડ્રાયવર સીટની નીચે રાખેલ દાતરડુ તેને બતાવી તેની પાસેથી મોબાઇલ ફોન તથા તેના ખીસ્સામાથી રૂપિયા લઇ લીધેલ અને ત્યાથી રીક્ષા લઇ નાસી ગયેલ અને જે સંબંધે પાલડી પોસ્ટે. ફસ્ટ ગુ.નં.64/2017 ધી ઇ.પી.કો. કલમ 394, 397 મુજબનો ગુનો રજી. થયેલ છે

આરોપી પાસેથી આ સીવાય બીજા મળી આવેલ મોબાઇલ નંગ પાંચ ની તપાસ હાલમા ચાલુ છે અને આરોપી તા-21/08/2017 ના કલાક 16/00 સુધી રીમાંડ ઉપર છે સદર આરોપી પોતાની રીક્ષામા રાત્રીના સમયે એકલ દોકલ પેસેંજર બેસાડી અંધારામા ગલી ગુચી વાળી જગ્યા એ લઇ જઇ પોતાની પાસેના તીક્ષ્ણ હથીયાર બતાવી પેસેંજર પાસેથી મોબાઇલ ફોન તથા રોકડ રકમ તથા અન્ય ચીજ વસ્તુ લુટી લેવાની ટેવ વાળો છે

## દાણીલીમડા પોલીસ સ્ટેશન :

દાણીલીમડા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સપેક્ટરશ્રી આર.કે અમીન સાહેબ નાઓની સુચનાથી પો.સ.ઇ કે.એલ.પટણી તથા એ.એસ.આઇ સબ્બીરખાન ઇબ્રાહીમખાન બનં-૬૪૪૩ તથા પો.કો નસરુલ્લાખાન હબીબખાન બનં-૯૭૧૦ તથા પો.કો જીલુભાઇ મેરામભાઇ બનં-૫૫૨૧ નાઓ આજ રોજ તા.૨૦/૦૮/૨૦૧૭ ના રોજ પો.સ્ટે વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની જાળવણીના ભાગરુપે પેટ્રોલીંગમાં હતા દરમ્યાન પો.કો નસરુલ્લાખાન હબીબખાન બનં-૯૭૧૦ તથા પો.કો જીલુભાઇ મેરામભાઇ બનં-૫૫૨૧નાઓને સંયુકત બાતમી હકીકત મળતા વટવા પોલીસ સ્ટેશન ખાતેથી કરવામાં આવેલ પાસામાં નાસતા ફરતા અટકાયતી નામે (૧)આમીન સુબ્રાતીભાઇ મનસુરી ઉવ.૩૦ રહે- મનં-૨૮/૬૯૩ પરીક્ષીતલાલનગર બહેરામપુરા દાણીલીમડા અમદાવાદ શહેર તથા નં-(૨) સરફરાજ બિસ્મીલાખાન પઠાણ.૨૨ રહે-મનં-એ/૭ ન્યુ ફૈસલનગર નહેર રો હાઉસ બોમ્બે હોટલ દાણીલીમડા અમદાવાદનાને નજર કેદ રાખી સદરી પાસા અટકાયતીઓને આગળની ઘટીત કાર્યવાહી કરવા સારુ વટવા પોલીસ સ્ટેશન ખાતે સોપવાની તજવીજ કરવામાં આવેલ છે.
તા.૨૦/૦૮/૨૦૧૭

## કારંજ પોલીસ સ્ટેશન :

નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૨ સાહેબ તથા એ.સી.પી.શ્રી "સી" ડિવીઝન સાહેબનાઓની સુચનાથી કારંજ સીની.પો.ઈન્સ.શ્રી આર.જે.પાંડર તથા સે.પો.ઈન્સ શ્રી એમ.એ.તળપદા સાહેબનાઓના માર્ગદર્શન હેઠળ કારંજ પો.સ્ટે વિસ્તારમાં મિલ્કત સંબંધી ગુનોઓ શોધી કાઢવા આપેલ સુચના આધારે સર્વેલંસ સ્કોડના ઈન્ચાર્જ ASI ધનરાજસિંહ માનસિંહ તથા સ્ટાફના માણસો સાથે પો.સ્ટે વિસ્તારમા પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન તા.૨૦/૦૮/૧૭ ના કલાક ૨૦/૧૫ વાગ્યે રિલિફ રોડ ચાર રસ્તા પાસેથી એક આરોપી મોહમંદ અસલમ ઉર્ફે કાણીયો S/O રજ્જબહુસેન જાતે.મલેક ઉ.વ.૩૫ રહે.ધ.નં.૧૪૯૫ અલઅમીન ફ્લેટ બિલાલ મસ્જીદની બાજુમા પટવા શેરી કારંજ અ'વાદ વાળાના કબજામાથી હોન્ડા એક્ટીવા નં. GJ 01 EG 1307 ની કબજે કરવામા આવેલ છે તપાસ દરમ્યાન સદર હુ એક્ટીવા વસ્ત્રાપુર પો.સ્ટે ફ.ગુ.ર.નં.૧૯૮/૧૬ IPC ૩૭૯ મુજબના ગુનાના હોવાનુ ફલિત થયેલ છે

આ ઉપરાંત સદર હુ આરોપીની વિશેષ પુછપરછ દરમ્યાન આ સિવાય એક્ટીવાનો બોગસ નંબર પ્લેટ GJ 01 SB 6031 નુ તપાસ દરમ્યાન કબજે કરેલ છે જે એક્ટીવા એલીસબ્રીજ પો.સ્ટે ફ.ગુ.ર.નં.૧૯૯/૧૫ IPC ૩૭૯ મુજબના ગુનાના હોવાનુ ફલિત થયેલ છે તેમજ એક પેશન પ્રો મો.સા નં. Gj 27 E 4217 નુ તપાસ અર્થે કબજે કરવામા આવેલ છે જે મો.સા કારંજ પો.સ્ટે ફ.ગુ.ર.નં.૪૯/૨૦૧૭ IPC ૩૭૯ મુજબના ગુનાના હોવાનુ ફલિત થયેલ છે

આમ સદર હુ આરોપીની તપાસ દરમ્યાન ઉપર મુજબના કુલ-03 વાહનચોરીના ગુનાઓ શોધી કાઢવામા આવેલ છે તેમજ આરોપીની વધુ તપાસ ચાલુ છે.

## રામોલ પોલીસ સ્ટેશન :

### ઇગ્લીંશ દારૂ ભરેલ હોંડા સીટી કારને રોકી કિ.રૂ. ૫,૮૬,૮૦૦/- ના મુદ્દામાલ સાથે આરોપીને પકડતી રામોલ પોલીસ અમદાવાદ શહેર

**ગણનાપાત્ર કેશ**

સંયુકત પોલીસ કમિશ્નરશ્રી ડી.બી વાઘેલા સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ડોકટર ગીરીશભાઇ પંડયા સાહેબ તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી રઘુવંશી સાહેબ તથા પોલીસ ઇન્સ્પેકટરશ્રી કે.એસ.દવે સાહેબ નાઓના માર્ગદર્શન આધારે તા.૨૧/૦૮/૧૭ ના રોજ અમો સર્વેલન્સ સ્કોડ ના માણસો સાથે પો.સ્ટે વિસ્તાર માં પેટ્રોલીંગ માં હતા દરમ્યાન કલાક ૧૧/૦૦ વાગે આર.એ.એફ કેમ્પ સામે રોડ ઉપર આવતા સાથેના પો.કો કિરીટસિંહ મહોબતસિંહ બનં.૬૨૭૯ નાઓએ બાતમી હકીકત આપેલ કે એક હોંડા સીટી ગાડી નંબર જી જે ૦૧ કે.જે. ૧૩૧૪ નો ચાલક તેના કબજાની હોંડા સીટી ગાડીમાં કેટલોક ઇગ્લીશ દારુનો જથ્થો રાખી નરોડા તરફથી આવી વટવા તરફ જનાર છે જે બાતમી હકીકત આધારે બે પંચો ના માણસો બોલાવી હકીકત સમજાવી પંચો તથા સ્ટાફના માણસો સાથે સદરી જગ્યાએ ઉપરોકત હોંડા સીટી ગાડીની વોચમાં છુટા છવાયા હાજર રહી ગાડીમાંથી પરપ્રાંતની ઇગ્લીંશ દારૂની બોટલો ૨૧૬ નંગ તથા બીયરના ટીન નંગ.૧૬૮ મળી કુલ્લે રૂ. ૧,૩૬,૮૦૦ /- તથા હોન્ડા સીટી ગાડીનં જી જે ૦૧ કે.જે. ૧૩૧૪ ની કિ.રૂ.૪,૫૦,૦૦૦/- ની મત્તા સાથે મળી આવેલ આરોપી દિબન @ અન્નો સ/ઓ ગંગાધર ઈશાવા ઉવ.૪૮ રહે. એ/૧ પ્રગતીનગર ભમ્મરીયા કુવા વટવા અમદાવાદ શહેર નાને તા.૨૧/૦૮/૧૭ ના કલાક ૧૨/૧૫ વાગે પકડી અટક કરી વધુ પુછપરછ હાથ ધરેલ છે.

## સરદારનગર પોલીસ સ્ટેશન :

આજરોજ સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-ર સા.તથા ના.પો.કમિશ્રી. ઝોન-૪ સા.તથા મ.પો.કમિ.શ્રી જી ડીવી.સા. નાઓ સાહેબની સુચનાથી અમો પોલીસ ઇન્સપેકટર એચ.બી.ઝાલા તથા પો.સબ.ઇન્સ.પી.જે.ખરસાણ તથા પ્રો.પો.સ.ઇ ડી.કે.મોરી તથા મ.સ.ઇ અરવીંદસિંહ શંકરસિંહ બ.ન ૬૪૦૯ તથા હે.કો. જીવણભાઇ મેઘજીભાઇ બ.નં ૭૫૫૦ તથા પો.કો.શકિતસીંહ લાલુભા બ.નં.૩૧૨૯ તથા પો.કો.વિક્રમસિંહ સુખદેવસિંહ બ.ન.૬૨૧૯ તથા પો.કો કુલદીપસિંહ જોરાવરસિંહ બ.ન ૯૮૧૮ બીજા સ્ટાફ ના માણસો કુબેરનગર ચોકી વિસ્તાર માં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન કલાક ૨૦/૧૦ વાગે ગુરુદ્વારા પાસે જાહેર રોડ પર આવતા સાથેના હે.કો. જીવણભાઇ મેઘજીભાઇ નાઓએ બાતમી હકીકત મળેલ કે કુબેરનગર "જી" વોડ આ.ટી.આ.ઈ ના ગેટ પાસે ના મ.ન ૩૮/૧ ના માલીક પ્રકાશભાઇ પોતાના આ રહેણાક મકાનમા પોતાના અંગત ફાયદા સારૂ બહારથી કેટલાક ઇસમોને તેના ઘરે બોલાવી પૈસા પાનાથી હાર જીતનો જુગાર રમી રમાડે છે અને આ પ્રવૃતિ હાલમા ચાલુ છે જેથી સદરી બાતમી હકીકત આધારે રેડ કરતા પ્રકાશ લોકચંદ કેશવાણી ઉ.વ ૫૦ રહે.મ.નં.૩૮/૧ ન્યુ જી વોર્ડ કુબેરનગર +૫=૬ ઇસમો મળી આવેલ જે તમામની પાસેથી અંગઝડતી તથા દાવના નાણા મળી કુલ્લે રૂ ૧૧૨૯૦ તથા મોબાઇલ નંગ ૪ કિંમત રૂ ૨૧૨૦૦/- મળી કુલ્લે રૂ ૩૨૪૯૦ નો મુદ્દામાલ સાથે મળી આવતા પંચનામા વીગતે કબજે કરેલ તમામ ઇસમો વિરૂધ્ધ જુગાર ધારા કલમ ૪.૫ મુજબની કાયદેસરની કાર્યવાહી કરી જુગાર ગણનાપાત્ર કેસ શોધી કાઢેલ છે.

**<u>સુરક્ષા સેતુ રથ:</u>**

નવરંગપુરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરી નવરંગપુરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.










નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.